Inward No./ 2944 /2023
GMERS MEDICAL COLLEGE
RAJPIPLA, Dist. Narmada
Date :- 12/12/2023

ક્રમાંકઃજીએમઇઆરએસ/હસબ/રી.ફી માહિતી/૨૦૨૩
ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
N.H.M. ભવન, છઠ્ઠો માળ,સીવિલ હોસ્પિટલ કેમ્પસ,
સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૨
gmersac@gmail.com
તા.૦૯/૧૨/૨૦૨૩

12 DEC 2023

પ્રતિ,
ડીનશ્રી,
જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કૉલેજ,
સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ,
વલસાડ, જુનાગઢ, હિંમતનગર, વડનગર, ગોધરા-પંચમહાલ,
રાજપીપળા, નવસારી, પોરબંદર અને મોરબી

વિષયઃ- જી.એમ.ઇ.આર.એસ. હસ્તકની તમામ મેડીકલ કોલેજોની તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફીનું મેળવણું કરવા બાબત...

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીના તા.૧૩/૦૮/૨૦૧૩, ક્રમાંકઃહસબ/સ્ટુડન્ટ ફી/૪૫૩૨-૩૬/ફ/૧૩
(૨) અત્રેની કચેરીના તા.૧૯/૦૯/૨૦૧૫, ક્રમાંકઃહસબ/સ્ટુડન્ટ ફી/ફ/૫૬૧૮-૨૬/૨૦૧૫
(3) અત્રેની કચેરીના તા.૦૭/૦૪/૨૦૧૬, ક્રમાંકઃG.M.E.R.S./N.R.I.-S.F.S./બાકી ફી/૩૦૪૮-૫૪/૨૦૧૬/ફ
(૪) અત્રેની કચેરીના તા.૧૧/૧૧/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંકઃહસબ/સ્ટુડન્ટ/યુ.આઇ ડી/ફી/૧૩૯૭૯-૯૯૧/૨૦૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગર હસ્તકની તાબા હસ્તકની મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓ દ્વારા ગવર્ન્મેન્ટ ક્વોટા, એન.આર.આઇ. ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટાની ફી લેવામાં એક સુત્રતા જળવાય તે હેતુસર ટ્યુશન ફી ભરવા બાબતે અત્રેની કચેરીથી સંદર્ભઃ-(૧) થી (૪)ના પરિપત્રોથી આપની સંસ્થાને જાણ કરેલ છે.

ઉક્ત પરિપત્રોની વિગતો અન્વયે તાબા હસ્તકની મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓની કેટેગરી મુજબ આ સાથેના બેંક ખાતાઓમાં ટ્યુશન ફી સોસાયટીના જુદી-જુદી બેંકોના ખાતામાં જમા કરાવે છે. જેમાં ફી બાબતે નીચે મુજબની વિસંગતતાઓ ધ્યાને આવેલ છે.

મુદ્દા નંબરઃ- (૧) MYSY તેમજ અન્ય સ્કોલરશીપ મેળવતા તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થાય છે. તેથી તે વિદ્યાર્થીઓની જમા થતી ટ્યુશન ફીની માહિતી ચોક્કસપણે મળતી નથી. તેથી અગાઉના પરિપત્રમાં જણાવેલ વિગતે અને નિયત સમય મર્યાદામાં MYSY તેમજ અન્ય સ્કોલરશીપ મેળવતા તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફી જમા થાય તે

પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી, જેથી ટ્યુશન ફીનું મેળવણું નિયમિત રીતે કરી શકાય અને અત્રેની કચેરી સાથે સંકલન કરી શકાય.

મુદ્દા નંબરઃ- (૨) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફી સરકારશ્રીમાંથી સીધી મેડીકલ કૉલેજોના ખાતામાં જમા કરાવવામાં આવે છે. તેની માહિતી કૉલેજ દ્વારા અત્રેની કચેરીને સત્વરે મળે તે બાબતે વડી કચેરી સાથે સંકલન રાખવું.

મુદ્દા નંબરઃ- (3) મેડીકલ કૉલેજોમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફી ભરવા માટે નિયત સમય મર્યાદામાં (પ્રથમ સત્ર ૧૬/૦૮ થી ૧૫/૦૯ અને દ્વિતિય સત્ર ૦૧/૦૨/ થી ૨૮/૦૨) જમા કરાવવાની હોય છે. પરંતુ તબીબી વિદ્યાર્થીઓની પરીક્ષાઓ છ માસિક સેમેસ્ટર વાઇઝ લેવાતી ન હોવાથી વિદ્યાર્થીઓ ટ્યુશન ફી ભરવામાં વિલંબ કરતા હોવાથી તમામ વિદ્યાર્થીઓને પરિપત્રમાં જણાવેલ સમય મર્યાદામાં ટ્યુશન ફી ભરે તેવી સ્પષ્ટ સુચના આપવી. જેથી છ માસિક ટ્યુશન ફીનું મેળવણું સમયસર થઇ શકે અને જમા થયેલ અને બાકી રહેતી ટ્યુશન ફીની ચોક્કસ માહિતી વડી કચેરીને મળી રહે.

મુદ્દા નંબરઃ- (૪) મેડીકલ કૉલેજોમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓની સમય મર્યાદા પુર્ણ થયા બાદ ફી ભરવાના કિસ્સામાં ૧૦% લેખે લેઇટ ફી વસુલ કરવાનું પરિપત્રમાં જણાવેલ હોવાથી વિદ્યાર્થીઓ સમય મર્યાદામાં ટ્યુશન ફી ના ભરે તો તે વિદ્યાર્થી પાસેથી લેઇટ ફી સાથે તેની ટ્યુશન ફી ભરે તે સુચનાઓનું કૉલેજોએ ચુસ્તપાલન કરવાનું રહેશે.

મુદ્દા નંબરઃ- (૫) તમામ મેડીકલ કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓની હોસ્ટેલ ફી વસુલ કરવામાં આવે છે. હવેથી હોસ્ટેલ ફી પણ અત્રેની કચેરીના એક્સીસ બેંકના ખાતામાં અત્રેની કચેરીની વેબ સાઇટ પર આપેલ લીંક દ્વારા જમા કરાવવાની રહેશે જેની જાણ તબીબી વિદ્યાર્થીઓને કરવી.

આમ, તમામ મેડીકલ કૉલેજોએ તેઓની સંસ્થા ખાતે અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓ દ્વારા જમા કરાવવામાં આવતી ટ્યુશન ફી અંગે કાર્યવાહી કરવાની રહેશે જેથી ફી અંગેની સાચી પરિસ્થિતિ જાણી શકાય અને નિયમીત રીતે ટ્યુશન ફીનું મેળવણું કરી શકાય.

ઉક્ત બાબતે મુદ્દા નંબરઃ-(૧) થી (૫) બાબતે તબીબી વિદ્યાર્થીઓની ટ્યુશન ફીની ખરેખર સ્થિતિ જાણવા અને નિયમીત રીતે જમા થતી ટ્યુશન ફીનું મેળવણું કરવા અંગે તમામ ડીનશ્રીઓનું ફરીથી અંગત ધ્યાન દોરવામાં આવે છે.

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
જી.એમ.ઇ.આર.સોસાયટી
ગાંધીનગર